# ગઝલ

–સુનીલ શાહ

.1.

હૃદયથી, દોસ્ત ! તું ટહુકી લે, આજ તારી છે,
મળી જે ડાળ, એ કાલે તો છોડવાની છે.

નીહાળી રેતની શીશી, એ સત્ય પામ્યો છું,
ગતી સમયની અટલ છે, ’ને એકધારી છે.

કીરણ સવારનું, ઝળહળ પ્રગટ થવાનું છે,
મેં કાળરાત્રી એ વીશ્વાસથી વીતાવી છે.

હું નીત્ય એને રમાડું, વીચાર ન્યારો છે;
પરંતુ વાળની લટ હાથમાં ક્યાં આવી છે ?

ભલેને એકઠા થઈ, મારી સૌ કરે ટીકા,
તું બોલ, આંગળી એક એમાં કેમ તારી છે ?

કોઈનાં સ્વપ્ન વીશે ક્યાં કશુંય બોલું છું ?
જુઓ, આ મારા જ ઘરમાં ભીની પથારી છે !

.2.

દોસ્ત, ‘આવું..?’ એમ પુછીને ન આવે,
એમ કંઈ વંટોળ ઝુકીને ન આવે !

પાર એને લઈ જવાની હોય તો, તું
નાવને સંભાળ, તુટીને ન આવે !

દુ:ખ સમી આદત નથી એને કશીયે,
એ તો સુખ છે, રોજ કુદીને ન આવે !

ઔપચારીક કેમ લાગે છે બધું, અહીં
લાગણી કાં કોઈ ઘુંટીને ન આવે ?

એ જ પાંચીકા જતનથી સાચવ્યા છે
સ્થાનથી તારા, તું ઉઠીને ન આવે ?

.3.

ખોખલાં ખેંચાણ લઈને જીવું છું,
વળગણોની તાણ લઈને જીવું છું.

આ વરસતા પથ્થરો વચ્ચે સતત,
જીવ, લોહીઝાણ લઈને જીવું છું.

હું મને જો ઓળખું તો પણ ઘણું,
એ સમજ, એ જાણ લઈને જીવું છું.

ડુબવું પોષાય નહીં સંબંધમાં,
હું સ્મરણનાં વ્હાણ લઈને જીવું છું !

સનસનાટીપુર્ણ વીતે છે સમય,
હુંય કચ્ચરઘાણ લઈને જીવું છું !

.4.

લઈ યાદનો છાંયડો જેઓ જીવ્યા,
પુછો, કેટલાં તડકા એણે સમાવ્યા ?

ગયા તોય, પાછા સવારે એ આવ્યા,
અમે દોસ્ત ! પડછાયા સામે ન ફાવ્યા.

તમે અર્થ તો એ જ કાઢ્યો, જે ફાવે,
અમે લાગણી બોળી શબ્દો સજાવ્યા.

જગતને કશી કીમત જ ક્યાં છે એની,
તમે શીલ્પ આંસુનું લઈ, તોય આવ્યાં..?

અજાણ્યો હવે એટલે લાગે છે દેહ,
તમે કૈંક ચહેરા હજીયે છુપાવ્યા.

હશે નમ્રતા તો સરળ થઈ જીવાશે,
અમે એ જ વાતે બધાને નમાવ્યા.

.5.

દર્દભીનાં આંસુ શાને પાંપણે શણગારવાનાં ?
જેટલા શ્વાસો મળ્યા, એને હૃદયથી માણવાના.

જે હકીકતમાં કદી પહેરી શકો નહીં, જીન્દગીભર,
આંખની ખીંટી ઉપર એ સ્વપ્ન શાને ટાંગવાનાં ?

રોજ મનની વ્હાલસોયી ડાળખી પર ફરફરે છે,
એ, સ્મરણનાં પાંદડાંને શી રીતે અટકાવવાનાં ?

અન્ય ભાષાને ભલે પંપાળવા નીકળી પડ્યા સહુ,
પણ, અમે તો ગુર્જરીમાં લાગણી કંડારવાના.

જો ! ગઝલનું ગાંડપણ કેવી દશા સર્જી રહ્યું છે,
મારું મન સોગંદ લે છે, દર્દને વીસ્તારવાના !

.6.

ક્યાં હું ખુદને હજી કળાયો છું ?
ભીતરે ક્યાંક ભેરવાયો છું.

લોક માને છે કે હું ઉગ્યો છું,
કોને કહું કે હજી દટાયો છું !

રસ્મ છે જીવવાની અહીં એવી,
રોજ જીવીને... હું મરાયો છું.

અવદશાનું મળ્યું છે કારણ એ જ,
હું દીશા બાબતે મુંઝાયો છું.

મુળ અકબંધ છે હજી મારાં,
હું ઉપરથી ભલે કપાયો છું.

લાગણીની કરી લખાવટ મેં,
દાદથી ક્યાં વધુ કમાયો છું !

.7.

એ તડપ લઈ જીવવું ગમતું નથી,
બે કીનારે થઈ જવું ગમતું નથી.

બોલવાનું હોય ત્યાં બોલી જ દઉં,
મૌન રહી મન બાળવું ગમતું નથી.

એટલે તો હું પતાસાં વ્હેંચું છું,
સુખ, મને સંતાડવું ગમતું નથી.

કેટલાં આવ્યાં અને ચાલ્યાં ગયાં,
સ્વપ્ન નામે–ઝુરવું ગમતું નથી.

બસ, અદાકારી મને ના જોઈએ,
સીધું કહી દે, ‘ચાહવું ગમતું નથી.’

શ્વાસની આ પાલખીમાં બેઠા સૌ,
કોઈને ઉતરી જવું ગમતું નથી.

.8.

ક્યાં કદી મળવાનું કારણ આપવાનું હોય છે,
એક નાનું એવું બ્હાનું શોધવાનું હોય છે.

સ્હેજપણ કસ્તર સમું પોષાય નહીં સંબંધમાં,
લાગણીની ચાળણીથી ચાળવાનું હોય છે.

તારવી કાંટા અલગ, એ મ્હેક વ્હેંચે છે સતત,
બાગ પાસે એટલું બસ, શીખવાનું હોય છે.

કોણ એને સાંભળે આ ગુંગળાતા શ્હેરમાં ?
ગાઈ, થાકી પંખીએ જંપી જવાનું હોય છે.

પુષ્પ વત્તા મ્હેક વત્તા બાગ સમ માણસ મળે,
એ પછી ક્યાં આપણે કંઈ ખોળવાનું હોય છે !

સહેજ બારીને ઉઘાડો, કે તરત ટહુકો મળે,
એમ લીલું ઝાડવું જીવાડવાનું હોય છે.

આડશો વચ્ચે હવે તડકોય ભાંગેલો મળે,
આપણું ઘર, આપણે અજવાળવાનું હોય છે.

.9.

મને એ જ ક્ષણ ઉમ્રભર ના ગમે,
રહું હુંય મારા વગર, ના ગમે.

હું ટોળામાં સામેલ તો થાઉં; પણ,
મને બેખબર રાહબર ના ગમે.

તમે કહો, તો સરનામું તો સાચું કહો !
રઝળવાનું આ દરબદર ના ગમે.

ન તકરાર છે, પ્યાર પણ જ્યાં નથી,
સતત મૌન હો એવું ઘર ના ગમે.

બધુંયે બધે માપસરનું ગમે,
બધુંયે બધે માતબર ના ગમે.

.10.

ન કેવળ તું, બધા આવ્યા નીયત શ્વાસો લખાવીને,
જવું છે, તો જતાં પહેલાં જજે સૌને હસાવીને.

મને લાગે છે કે, એકાદ હરણું તો હશે સૌમાં,
નહીંતર જાય ના સૌ નાવ મૃગજળમાં ચલાવીને..!

ઘણું તુટ્યું, ઘણું ફુટ્યું, ઘણું છુટ્ટું થયું છે પણ;
સમી સાંજે, જવું છે એક–બે જોડી બનાવીને.

મને કાં ચોતરફ દેખાય છે લીલાશ લથબથ અહીં !
ખબર નહીં, કોણ આ સૌમાં ગયું વરસાદ વાવીને ?

ન પગરવ સંભળાયા, ના હવે છે શક્યતા કોઈ,
છતાં ચુપચાપ ઉભાં દ્વાર–ઉંબર, મન મનાવીને.

ફુલીને જેઓ પરપોટા સમું જીવી રહ્યા છે, દોસ્ત,
સપાટી એમને જળની હું આવ્યો છું બતાવીને.

.11.

બધાની થઈ એ અમારી થઈ છે,
ન તૃષ્ણા કદી નીર્વીકારી થઈ છે.

પડી ભાત એવી પ્રથમ સ્પર્શની કે,
અસર જે થઈ, એકધારી થઈ છે !

પડ્યાં ટાંકણાંઓ બધાં સહેજ ટાંચાં,
જુઓ, શીલ્પની શી ખુવારી થઈ છે !

કહો તો ખરાં ! વીસ્તરીને જશો ક્યાં,
કદી કોઈ બારી અટારી થઈ છે ?

ઝરુખે ઉભાં કે તરત તમને જોયાં,
* અમારી શરુઆત સારી થઈ છે ! *

(* તરહી પંક્તી– સંધ્યા ભટ્ટ)

• સુનીલ શાહ •

કવીસંપર્ક:
એન–101, ન્યુઝ એવન્યુ એપાર્ટમેન્ટ, સ્નેહસંકુલ વાડી પાસે, આનંદ મહેલ રોડ, અડાજણ, સુરત–395009,
મોબાઈલ: 94268 91670, Email ID: sunilshah101@gmail.com
BLOG: http://sunilshah.wordpress.com/ FB: https://www.facebook.com/sunil.shah.378199

‘સન્ડે ઈ–મહેફીલ’ના આ ગઝલ અંકના અતીથી સંપાદક અને સંકલનકાર યુવાગઝલકાર ભાઈ શ્રી ગૌરાંગ ઠાકર (gaurang_charu@yahoo.com) નો ખુબ ખુબ આભાર.. – ઉત્તમ ગજ્જર

‘સન્ડે ઈ–મહેફીલ’ – વર્ષ : નવમું – અંક : 289 – February 09, 2014
‘ઉંઝાજોડણી’માં અક્ષરાંકન : ઉત્તમ ગજ્જર uttamgajjar@gmail.com

@@@@@

# Happy Announcement

## :: ૨૦૧૪ના પ્રજાસત્તાકદીને સપ્રેમ ભેટ ::

(છેલ્લાં નવ વરસથી ચાલતી આ ‘સન્ડે ઈ–મહેફીલ’ની ‘સુવાચનયાત્રા’માં દેશ–વીદેશના **260** જેટલા સર્જકોની **275** જેટલી વીવીધ રચનાઓ પ્રકાશીત થઈ. ઘણા સમયથી તેને પુસ્તકાકારે પ્રસીદ્ધ કરવાની સુજ્ઞ વાચકોની જોરદાર માંગ હતી. સમ્પાદકમંડળે તે માટે ઉકેલ કર્યો કે તે સઘળી કૃતીઓની જમાનાની માંગ મુજબ ‘ઈ–બુક્સ’ કરવી. તે મુજબ એક ઈ–બુકમાં ક્રમ અને તારીખ પ્રમાણેની પચીસ–પચીસ કૃતીઓ મુકવી. આમ થતાં તેવી **11** ઈ–બુક્સ બની છે. પીસી માટેની પીડીએફ સ્વરુપે છે અને આઈપૅડ વગેરે ઉપકરણો માટે ઈપબ સ્વરુપે. તેવી બધી ઈ–બુક્સ ‘ગુજરાતીલેક્સિકોન’ની વેબ સાઈટ http://gujaratilexicon.com/ પર મુકવામાં આવી છે. ડાઉનલોડની આ લીંક : http://gujaratilexicon.com/e-books/ પરથી જરુરીયાત મુજબ આજથી જ તે ડાઉનલોડ કરી શકાશે.. આશા છે કે વાચનરસીયા ગુજરાતીઓને તે બધી વાતે સંતોષ અને આનંદ આપશે..
–સમ્પાદકો)

More than 2,72,00,000 Gujarati Language lovers have visited
http://www.gujaratilexicon.com
More than 25,95,000 have visited Digital Bhagwadgomandal
http://www.bhagwadgomandal.com
More than 5,80,000 have visited Lokkosh
http://lokkosh.gujaratilexicon.com

@@@@@@@@@